ઉત્થાન
Utthan

An initiative of Utthan

# પ્રગતી અહેવાલ

## એવનેસ પ્રોગ્રામ ફોર ઇકોલોજીકલ સેનીટેશન

### સપ્ટેમ્બર-૦૭ થી ફેબ્રુઆરી-૦૮

ECOSAN SERVICES FOUNDATION

:મોકલવા માટે:

## ઇકોસેન સર્વીસીસ ફાઉન્ડેશન
## પુના



### : તૈયાર કરનાર :


**People's Learning Centre For Water & Sanitation**

લોક શિક્ષણ કેન્દ્ર
PEOPLE'S LEARNING CENTRE
પાણી અને સ્વચ્છતા
Water and Sanitation

C/1157, 1st Floor, Kaliyabid, Manuraja Chamardi Wala, Opp. S.B.S. Bank,
Bhavnagar -364002. Phone & Fax: 0278- 2573061.
E-mail: plcwatsan@dataone.in / plc_watsan@rediffmail.com,
website: www.plcwatsanutthan.org / utthangujarat.org


**ઉત્થાન વિષે:**

ઉત્થાન ગુજરાતમાં કાર્યરત એક સ્વૈચ્છિક સંસ્થા છે. પ્રો.રવિ મથાઇના’જાવાજા’ પ્રયોગ પરથી પ્રેરણા મેળવીને ૧૯૮૧માં ચાર વ્યવસાયિક મહિલાઓને ૧૯૮૧માં ઉત્થાનનું કામ શરૂ કર્યું. ભાલ પ્રદેશમાં પાણીની અછત ધરાવતા વિસ્તારમાં વસતાં સમુદાયોમાં આધારક્ષમ પ્રક્રિયાઓ દ્વારા સામાર્થ્યપ્રાપ્તિ માટે કામ કરવાનું નકિકી કર્યું. ઉત્થાન સંસ્થાએ સ્વચ્છ, પુરતા પ્રમાણમાં

અને સમન્યાય ધોરણે પીવાનું પાણી મેળવવા માટે માંગ કરતી મહિલા ઝુંબેશની પહેલ કરનાર માહિતી નામનું સમુદાય-આધારીત જૂથ શરૂ કરવામાં પણ મદદ કરી. ૧૯૯૪માં માહિતી એક સ્વતંત્ર સંસ્થા તરીકે કામ કરતું થયું છે અને પાણી વિષયક ઝુંબેશની સાથે બીજા પણ કેટલાક મુદ્દાઓ માટે ઝુંબેશની સાથે આગળ વધારતું રહ્યું છે.'ઉત્થાન' શરૂઆતથી આજ સુધી સઘન સમુદાય સંગઠનની પ્રક્રિયા અપનાવીને ખાસ કરીને મહિલાઓને કેન્દ્રમાં રાખીને લાભવંચિત સમુદાયો સાથે કામ કરી રહ્યું છે.પાણીનો મદ્દો એક પ્રવેશબીંદુ તરીકે રહ્યો પરંતુ ત્યાંથી આગળ વધીને જેન્ડર, સમાનતા અને સંસ્થાકિય પદ્ધતીના પરિપેક્ષ્યથી કુદરતી સંસાધનોના સંકલીત સંચાલન વિષે ઊંડાણભરી સમજણ કેળવવામાં ઉત્થાન એક સંસ્થા તરીકે સતત સક્રિય રહ્યું છે. હાલમાં ઉત્થાન ગુજરાતના ભાવનગર, અમરેલી , દાહોદ, અને પાટણ જિલ્લાના દરિયાકાંઠાના અને આદિવાસી વિસ્તારોમાં ૧૧૮ ગામોમાં પાયાના સ્તરે કામ કરી રહ્યું છે.

**લોક શિક્ષણ કેન્દ્ર પીવાનુ પાણી અને સ્વચ્છતા વિષે.**:

ઉત્થાન લગભગ અઢી દાયકાથી પાણી, આરોગ્ય અને સફાઇ વ્યવસ્થાના પ્રશ્નો વિષે જેન્ડર સમાનતા, પીવાના પાણી વિષયક અધિકારો, લઘુ અને વિશાળ પરિપ્રક્ષ્યોમાં પર્યાવરણીય, આર્થિક અને સંસ્થાનીય આધારક્ષમતાના વિષયે વાત કામ કરી રહ્યું છે. આ કાર્યના અનુભવોના આધાર લઇને હવે સંસ્થા પોતે શીખેલી બાબતોને વિશાળતર સ્તરે પહોચાડવાના ઉદેશ સાથે એક લોક શિક્ષણ કેન્દ્ર સ્થાપવાનું વિચારી રહી છે. વર્ષ ૨૦૧૫ સુધીમાં વિશ્વમાં સ્વચ્છ પાણી અને સફાઇ વ્યવસ્થાનો લાભ ન મેળવી શકતા લોકોની સંખ્યા ઘટાડીને અડધી કરવી. એવા આ યુગના વિકાસના ધ્યેયના ઉદ્દેશને વિશ્વસ્તરે સ્વીકૃતી મળી છે. અને પાણીના સ્ત્રોતો અને સફાઇવ્યવસ્થાનું સંચાલન લોકકેન્દ્રીત હોવું જોઇએ તેવો અભિગમ પણ સ્વીકૃત બન્યો છે ત્યારે લોકોને પણ એ વિષે વધુ સમજ મળે, વધુ જ્ઞાન,જાણકારી મળ, સામાજિક અને ટેકનિકલ જ્ઞાનનું સંકલન થાય તેમ જ તે દ્વારા સમુદાયોની અને નિર્ણય લેનાર વર્ગોની ક્ષમતાઓ અને કૌશલ્યો વધે તે જરૂરી બન્યું છે. એમ થશે તો જ આ યુગના વિકાસ ધ્યેય હાંસલ કરવા માટે સાચા અર્થમાં યોગ્ય ઉદાહરણ મળી રહેશે.

આ લોક શિક્ષણ કેન્દ્રમાં શીખવા શીખવવા માટેનો અભિગમ બહુપાર્શ્વિ (મલ્ટીલેટરલ) રહેશે. વિવિધ હિતસંબંધી વર્ગોને માટે પોતાના અનુભવો અને શિક્ષણને પરસ્પર વહેંચવાનો આ એક મંચ બની રહેશે. આ ધ્યેયને સિદ્ધ કરવા ક્ષમતાવર્ધન તાલીમો યોજવામાં આવશે. આ તાલીમો દરમ્યાન શીખવા મળેલી બાબતો દ્ઢીકરણ અને વિતરણ માટે પુસ્તકાલય ઊભું કરવામાં આવશે અને નિયમિત રીતે સમાચારપત્રો પણ તૈયાર કરવા, વિતરીત કરવામાં આવશે. નીતિવિષયક હિમાયતો પર અસર પાડવા સઘન સંશોધનકાર્ય અને દસ્તાવેજીકરણ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે.

**વિઝન** :

સમુદાયોને તેમને પીવા માટે સ્વચ્છ પાણી પુરતા પ્રમાણમાં, સમાનતાપૂર્ણ અને આધારક્ષમ રીતે મળી રહે, આરોગ્યવર્ધન માટે યોગ્ય રીતની સફાઇવ્યવસ્થા મળી રહે અને જેન્ડર ન્યાયપૂર્ણ, સહભાગીતા આધારીત, સમુદાયની માલિકીની વ્યવસ્થાઓ મળે તે અંગેનો તેમના મૂળભૂત અધિકારો ઓળખતાં શીખવવું.

**ઉદ્દેશો** :

આ કેન્દ્ર ઊભું કરવાનો વિશાળ ધ્યેય એ છે કે વિવિધ હિતસંબંધી વર્ગોમાં જેન્ડર સંવેદનશીલ, આધારક્ષમ અને સમન્યાયપૂર્ણ એવી મૂલ્ય આધારિત વ્યવસ્થાઓ સર્જવા માટે આવશ્યક પ્રક્રિયાઓ શરૂ કરવાનું વલણ ઘડવાનો પ્રયત્ન કરવો.

**મુખ્ય ઉદ્દેશો નીચે પ્રમાણે છે.**

- શિક્ષણ અને અનુભવો વહેંચવા માટેનો એક મંચ ઊભો કરવો અને તે દ્વારા અપનાવી શકાય સમન્યાયપૂર્ણ અને આધારક્ષમ નમૂનાઓ અને વ્યવસ્થાઓ વિકસાવવા.
- સુસંગત સરકારી તથા બિનસરકારી સંસ્થાઓની નીતિઓ અને પદ્ધતિઓ પર પ્રભાવ પાડવો.

- જ્ઞાનબેંકો, પુસ્તકાલય/સંસાધન કેન્દ્ર ઊભું કરતી માહિતી પ્રાપ્ત બને અને વહેંચણી શક્ય બને તે માટે અનુકુળતા સર્જવી.
- પીવાના પાણીના સંગ્રહ, વિતરણ અને તેને ભેગું કરવા– વહેવડાવવાની પરંપરાગત રીતો ગોઠવણોના કલાત્મક સ્વરૂપો અને ડિઝાઇનોને પ્રોત્સાહન આપવું.
- લોકકથાઓ, લોકગીતો વગેરેમાં સચવાઇ રહેલું સ્થાનિક પ્રજાના પોતીકા જ્ઞાનને ભેગું કરીને વિશાળ સ્તરે વહેંચવું.
- ગ્રામજનોને આત્મનિર્ભર બનાવવાની ઝુંબેશ શરૂ કરવી.

**પ્રવૃતિઓ :**

- પીવાના પાણીના સંચાલન અને સંગ્રહ માટે, સફાઇ વ્યવસ્થાના વિવિધ નમૂનાઓ વગેરે વિકસાવવા, તેની જાળવણી કરવા વિષે ટેકનિકલ તાલીમ આપવી.
- જેન્ડર સંવેદનશીલતા, ગ્રામસ્તરના સંસ્થાનોનું મજબૂતીકરણ અને મૂલ્યઆધારિત અભિગમો જેવી સામાજિક પ્રક્રિયાઓ વિષે તાલીમ આપવી જેથી કરીને વ્યક્તિગત વલણો પણ બદલાય.
- નીતિવિષયક સંશોધનકાર્ય અને દસ્તાવેજીકરણની જે પ્રવૃતિઓ કરાતાં કેન્દ્રમાં કરવામાં આવશે તેનો ઉદ્દેશ એ રહેશે કે હાલની નીતિઓ અને પદ્ધતિઓમાં ક્યાં ક્યાં સુધારા કરી શકાય છે અથવા કરવા જરૂરી છે તે ક્ષેત્રોની ઓળખ કરી શકાય અને તે સુધારાઓની વિવિધ હિતસંબંધી વર્ગો પર શું અસરો થઇ શકે તે પણ જાણી શકાય.
- જ્ઞાનબેન્ક–પુસ્તકાલય ઊભું કરવું જેમાં પીવાના પાણી અને સફાઇ વ્યવસ્થા અને તે સંબંધિત બીજા વિષયો સંદર્ભ સામગ્રી રાખવામાં આવી હોય.
- લઘુ અને વિશાળ સ્તરોઓ નેટવર્કોને મજબૂર બનાવવા અને અસરકારક લોબિઇંગ પર ધ્યાન કેન્દ્રિત કરવું.
- વિવિધ તાલીમ કેન્દ્રો અને સંસાધન કેન્દ્રોને જોડવા.

**કાર્યપદ્ધતિ :**

તાલીમ કાર્યક્રમો અને કાર્યશિબિરોમાં શિક્ષણ આપવના વિવિધ અભિગમો અપનાવવામાં આવશે, જેમાં નીચે જણાવેલ પ્રવૃતિઓ – પદ્ધતિઓનો સમાવેશ કરવામાં આવશે.

- વિવિધ નમૂનાઓ (મોડેલો) અને માળખાંઓનું નિદર્શન
- સઘન, આંતરક્રિયાત્મક ચર્ચાઓ
- ‘વ્યવહારૂ અમલ દ્વારા શીખવા’ પર ભાર મૂકવામાં આવશે એટલે કે ‘કરો અને શીખો’ કામ કરવાનો જાતઅનુભવ અને તે દરમ્યાન નવા પ્રયોગો કરવા, નવાં વિચારોને અમલમાં મૂકી જોવા અને નવીનીકરણની રીતો અપનાવવી.
- પ્રેરણાત્મક પ્રવાસોનું આયોજન
- વિડિયો ફિલ્મો
- કેસ સ્ટડીઝની ચર્ચા કરવી
- ટીમવર્ક / ટીમ રચનાની પ્રક્રિયાઓ
- સ્વ સમજ(વલણો, મૂલ્યો વિષે) કેળવવી, પાણીના સંચાલનના સામજિક સંદર્ભો(જેન્ડર, માનવ અધિકારો વગેરે) અને વ્યક્તિગત પરિવર્તન.

**લક્ષ્ય જૂથ**

૧.પંચાયતો.　　૨.પાણી અને સ્વચ્છતા સમિતિઓ<br>
૩.એન.જી.ઓ.,સી.બી.ઓ. અને સ્વૈચ્છિક સંસ્થાઓ.<br>
૪.શાળાઓના શિક્ષકો, આંગણવાડી કાર્યકરો<br>
૫.સરકારી વિભાગો

**પ્રસ્તાવના:**

ઉત્થાન પીએલસી વોટસન દ્વારા લોકોને નવા નિદર્શન અને અનુભવની આપ લે માટે પ્લેટફોર્મ મળી રહે અથવા ઉભુ કરવામાં આવે તેવો પણ એક ઉદ્દેશ છે. આવા એક નમુનાની

વાત ગુજરાતમાં થઇ છે પણ વ્યકિતગત રીતે કોઇના ઘેર આ ઇકોસેનીટેશન બન્યુ હોય તેવુ જાણવામાં આવ્યુ નથી




તાલીમ,પ્રરણા પ્રવાસ અને માહિતી લીધા બાદ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના અકતરીયા ગામે ધનીબહેન મનસુખભાઇ ગુજરીયાને ઘરે ઇકોસેનીટેશનનુ નિદર્શન કરવામાં આવ્યુ છે અને આજે તે સંતોષ કારક રીતે તેનો ઉપયોગ કરી રહયા છે.

આ ટેકનોલોજીને વ્યાપક સ્તરે લઇ જવા માટે ઇકોસેન સર્વીસીસ ફાઉન્ડેશ-પુના અને પીએલસી વોટસન સાથે મળીને અવેરનેસ પ્રોગ્રામ ફોર ઇકોલોજીકલ સેનીટેશનનો કાર્યક્રમ કરવાનુ નકકી કરવામાં આવ્યુ આ કાર્ય ક્રમ એક વર્ષ માટે રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંર્તગત જે કામગીરી કરવામાં આવી છે તેની વિગતવાર નોંધ નીચે મુજબ કરવામાં આવી છે.

## ૧.પ્રવૃતીઓઃ

### ૧.૧.ફેડરેશનના કારોબારી અને વોટર એન્ડ સેનીટેશન કમીટીના સભ્યો સાથે જાગૃતી બેઠક.

ભાવનગર અને અમરેલી જિલ્લાના વિસ્તાર કક્ષાના બે મહિલા ફેડરેશનમાં દર મહિને કારોબારી અને પ્રતિનિધિ મંડળના સભ્યોની મીટીંગ થાય છે જેમાં એક વાર સંસ્થાના સભ્યોએ અને પ્રેરણા પ્રવાસમાંથી આવીને પોતાના ઘેર ઇકોસેનનુ નિદર્શન કરવામાં આવ્યુ હતુ તે ધનીબહેન દ્વારા વિગતવાર માહિતી આપવામાં આવી જેના કારણે આ બહેનોએ ગામના દરેક મંડળમાં વાત કરી અને તેની સમજણ આપી તો કેટલાક બહેનો આ સંડાસ જોવા માટે તૈયાર થયા.આ માહિતી દરેક ગામના મંડળ સુધી પહોચે તેનીજવાબદારી કારોબારી અને પ્રતિનિધિ-
મંડળના સભ્યોએ લીધી.



### ૧.૨.લોકોની જાગૃતી આવે તે માટે ઇન્ટરનલ એક્સપોઝર વિઝીટ.



ઇકોસેન બન્યા પછી ફેડરેશન અને ગામના બચત દ્વારા આ નવીન પ્રયોગની વાત બહેનો સુધી પહોચાડી અને આજુ બાજુના ભાઇઓ અને બહેનો આ ઇકોસેનીટેશનની જોવા માટે પોતાના ખર્ચે આવ્યા. અને આ સંડાસની વિષેશતાની વાત ધનીબહેન દ્વારા સમજાવવામાં આવી. આ મુલાકાત ૧૫ દિવસ સુધી ચાલતી રહી અને લગભગ ૩૫ થી ૪૦ બહેનો ભાઇઓએ આ નવીન પ્રયોગ જોયો.આ મુલાકાતીઓ માટે ધનીબહેને પુરતો સમય આપ્યો.આમ મોટા પ્રમાણમાં આપો આપ જાગૃતિ થવા લાગી

## ૧.૩. ફીડબેક મીટીંગ અને રીવ્યુ બેઠક.

ગામમાં ઇકોસેનીટેશન બનાવ્યા પછી એક મીટીંગનુ આયોજન કરવામાં આવ્યુ તેનો હેતુ સંડાસ વિષેની માન્યતા, નવા વિચારમાં ભાઇઓ બહેમોનુ શુ માનવુ છે,અને તેના ફાયદાઓ વિષેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.
આ મીટીંગમાં ગામના બચત મંડળના ૨૫ જેટલા બહેનો હાજર રહયા હતા અને આ મીટીંગ ઇકોસેનનુ નિદર્શન કરવામાં આવ્યુ હતુ તેવા ધનીબહેન મનસુખભાઇના ઘેર રાખવામાં આવી હતી.
એક ગ્રુપમાં બહેનો બેસીને ધનીબહેન બેંગલોરમાં જોઇને આવ્યા પછી સંસ્થાના માર્ગદર્શન હેઠળ પોતાના ઘરે ઇકો સેનિટેશન બનાવ્યુ છે.તેની વિગતવાર વાત કરવામાં આવી અને આપણા ગામની પરિસ્થીતી એવી છે કે દરિયા કિનારો હોવાથી ખાડામાં પાણી આવી જાય છે તો અમુક વિસ્તારમાં કડક પથ્થર હોવાથી ખાડો થઇ શકતો નથી તો આવા વિસ્તારમા આ પર્યાવરણ અનુકુલીત સંડાસ ખુબજ ઉપયોગીથાય છે. કે જે તળના પાણીને પણ બગાડતુ નથી,પાણીઓછુ જોઇએ અને તેમાથી મળ-મુત્રનો ઉપયોગ આપણા ખેતરમાં ખાતર-દવા તરીકે કરી શકાય છે,

- આવા પ્રકારનું સંડાસ બનાવ્યા પછી અમારો સમય બચી ગયો અને
- મજુરી કામે બહારજઇ શકીએ છીએ,
- દીકરીઓ ભણવા માટે જાય છે
- શારીરીક અને માનસિક ભાર હળવો થયો,જથી અમારુ આરોગ્ય સુધરી જશે
- પહેલા વહેલી સવારે અથવા રાત્રીના સમયેજ સંડાસ જવાનુ થતુ દિવસે ખુલ્લામાં જવાની મુશ્કેલી પડતી.ન જવાના કારણે આરોગય ઉપર અસર પડતી જેવી કે કબજીયાત, માથાનો દુખાવો,પેટનો દુખાવો વિગેર પ્રશ્નો થતા તેમા ધીરે ધીરે રાહાત થતી જાય છે એવુ લાગે છે.
- બિમારીના સમયે કે વરસાદના સમયે બહાર જવામાં મુશ્કેલી પડતી જે નહી પડે.
- આવા પ્રકારના સંડાસ બનાવવા પાછળ કુલ રૂ.૧૬૫૦૦/- નો ખર્ચ થયેલ છે.

આમ બહેનો સાથે ચર્ચા થતી હતી એમાં એક બહેન કે મારે આ સંડાસ બનાવવુ છે તો શુ કરવુ અને તમે અમને શુ ટેકો આપશો ?.
અમો તમને માર્ગદર્શન અને માહિતી આપવાનુ કામ કરીએ અને ટેકનીકલ મદદ કરી શકીએ.જ્યા સુધી નાણાકિય ટેકાનો સવાલ છે ત્યાં સુધી આપણે ઘરમાં સામાજિક પ્રસંગોમાં અને ધાર્મિક કાર્યમાં ધાર્યા કરતા વધારે ખર્ચ થાય છે, આપણા ઘરમા ટીવી,ડીવીડી,મોબાઇલ અને બાઇક હોય પણ આપણે સંડાસ બનાવવા સરકાર કે સંસ્થા ઉપર આધારીત થઇ જઇએ છીએ, સાચુ છે કે ખોટુ? તમને શુ લાગે છે ? સાચી વાત છે પણ સંગઠનમાં રહી ચોકકસ વિચાર કરવો જોઇએ કે નાણા કયાથી મેળવી શકાય,જેમાં લોન કે રિવોલ્વીંગ પણ હોય, વિકલ્પો ઘણા બધા છે. બચત મંડળના એક બહેન તૈયાર થયા કે હુ મારી જાતે મારા ઘરે સંડાસ બનાવીશ સંસ્થા મને ટેકનિકલ મદદ કરશે આ તૈયારી સાથે બધાજ બહેનો નિદર્શનની મુલાકાત લીધી અને ધનીબહેન આના વિશેની સમજ આપી મીટીંગ પુર્ણ કરવામાં આવી.

## ૧.૪.અકતરીયા ગામની ઇકોસેનની મુલાકાત તથા બહેનો સાથે મીટીંગઃ

આ પણે આગળની મીટીંગમાં ચર્ચા કરી હતી કે આ સંડાસ બનાવવુ જોએ જેથી ખુબજ ફાયદા થાય છે પણ મંડળ તરીકે કેવી રીતે આને આગળ જવા માટે તમોએ શુ વિચાર કરો છો.બહેનો દ્વારા જણાવવામાં આવ્યુ કે અમને માર્ગદર્શન અને ટેકો મળે એટલે અમારુ મંડળ આગળ વધવા માંગે છે. અને સંડાસ બનાવવા બહેનો તૈયાર છે પણ થોડા નાંણાકિય ટેકાની પણ જરુર છે.
ધનીબહેન અને તેના કુટુબના સભ્યો ઉપયો કરે છે અને આજે ચાર માસથી આ સંડાસ ઉપયોગમા.છે. અમારા એક છોકરાને સંડાસથી આવ્યા બાદ રાખ નાંખવાની ટેવ પડતી ન હતી પણ આજે સંડાસનો ઉપયોગ કરીને રાખ નાખે છે.'અમારા ઘરમાં મહાસુખ થઇ ગયુ

## ૨.પ્રચાર અને પ્રસાર માટે જુદા જુદા સામાયિકોમાં ઇકોસેનની કેસસ્ટડી છાપવી.

આ નવી ટેકનીકથી લોકોમાં ઘણો ઉત્સાહ હતો આનો વધારેમાં વધારેમાં પ્રચાર-પ્રસાર કરવાના હેતુથી ગુજરાતમાં સ્વૈચ્છી સંસ્થાઓ દ્વારા બહાર પડતા અમુક સામાયિકોમાં લેખ કે કેસસ્ટડી રુપે મુકવામાં આવ્યા અને તેનાથી વધારે લોકો સુધી

આ માહિતી પહોચે અને અને તેના વિષે જાણકારી મેળવી, અપનાવતા થાય.પીએલસી વોટસન દ્રારા “**લોકસંચલન**” નામનુ ત્રિમાસિક બહાર પાડવામાં આવે છે.

## ૩.મોનીટરીંગ અને સુપર વીઝનઃ

દર મહિને મંડળની મીટીંગમાં સેનીટેશનની ચર્ચા કરવામાં આવે છે અને બીજા કુટુંબ કેવી રીતે સંડાસ બનાવી શકે તેના માટે વિકલ્પની વિચારણા કરવામાં આવે છે.
સંસ્થાના કાર્યક્ર્તા આ કુટુંબની મુલાકાત કરી સંડાસના ઉપયોગ અને વપરાશ અને ફિડબેક લેવામાં આવે છે.જ્યારે આ સંડાસનો ઉપયોગ શરુ કરવામાં આવ્યો ત્યારે થોડી નવીનતા લાગતી હતી, ઘરના બીજા સભ્યોને  સેટ થતા થોડો સમય લાગ્યો હતો.

## ૪.દસ્તાવેજીકરણઃ

### ૪.૧.કેશસ્ટડી તૈયાર કરી.

ઈકોસેન નિદર્શનની કેશસ્ટડી ગુજરાતી અને અંગ્રેજીમાં તૈયાર કરવામાં આવી જેમાં ગુજરાતમાં આ એક વ્યકિતગત સંડાસ પહેલીવાર બનાવવામાં આવેલ છે. અને આગળની પ્રક્રિયાની નોંધ કરવામાં આવશે જેથી બીજા લોકો સરળતાથી તેનો ઉપયોગ કરી શકે.




### ૪.૨.ઈકોસેનીટેઝનના જુદા જુદા ફોટોઃ

દરેક કાર્ય  પ્રક્રિયાના ફોટોગ્રાફનુ કલેકશન કરવામાં આવ્યુ છે જેથી ઈકોસેનીટેન કેવી રીતે બનાવી શકાય તે જોતા જ ખ્યાલ આવી શકે અને સામાજિક પ્રક્રિયાઓ પણ જાણી શકીએ આમ દરેક પ્રકાના ફોટા રાખવામાં આવ્યા છે.

### ૪.૩.પોસ્ટર અને નાની ફિલ્મ બનાવવી.

જાગૃતિ માટે અને પ્રસાર પ્રચાર માટે ઈકોસેનનુ પોસ્ટર બનાવવામાં આવી રહયુ છે આ પોસ્ટરમાં ચિત્ર જોતા, ન વાંચી શકતા લોકો સારી રીતે સમજી શકે અને ઈકોસેન અપનાવતા થાય અને પર્યાવરણને નુકશાન ન થાય તેવી ટેકનોલોજીનો બતાવવવામાં આવી છે.

### ૪.૪.માહિતી પત્રીકા તૅયાર કરવી

ઈકોસેનીટેશનની તમામ વિગત આપતુ બ્રોશર બનાવવામાં આવશે જેમાં ટેકનોલોજી સામાજિક પ્રક્રિયા અને અકતરીયા ગામની કેશસ્ટડી મુકવામાં આવી હશે અને જેના કારણે લોકો સમજી શકે,જઇને જોઇ શકે અને વધારે માહિતી માટે સંપર્ક કરી શકે જેથી આ ઈકોસેન બનાવનાર લોકોને કોઇ મુશ્કેલી ન પડે અને આ માધ્યમ દ્રારા તેનો પ્રસાર–પ્રચાર થઇ શકે અને જેથી ડિમાન્ડ ઉભી થાય.

### ૪.૫.તાલીમ મોડયુઅલ અને પ્રેજન્ટેશન.

ઈકોસેનની પ્રાથમિક સનજણ આપવા અને લોકોમાં જાગૃતિ લાવા માટે એક તાલીમ મોડયુલ તૈયાર કરવામાં આવ્યુ અને તેની સાથે વિગતવાર માહિતી આપતુ પાવર પોઇન્ટ પ્રેજન્ટેશન તૈયાર કરવામાં આવ્ય છે. જેમા દ્રારા લોકો સરતાથી સમજી શકે.

## ૫.જોડાણઃ

આ પ્રક્રિયાને આગળ લઇ જવા માટે જુદી જુદી ફંડીંગ એજન્સી,બેન્ક  અને સરકાર સાથે જોડાણ કરવામાં આવ્યુ છે જેથી આ ટેકનોલોજીનો સ્વિકાર થાય અને પ્રોત્સાહન મળે આ પ્રક્રિયાથી નીચેના મુદ્દાઓ બહાર આવ્યા છે.જેના કારણે અર્ઘયમ સંસ્થા સાથે જોડાણ કરી બીજા વિસ્તારમાં નિદર્શન માટે. અને   ક્ષમતાવર્ધનની કામગીરી માટે પ્રક્રિયા ચાલી રહી છે.અને બેન્ક સાથે જોડાણ કરી ઈકોસેન બનાવવા લોન મળે તેવી  પ્રક્રિયા ચાલી રહી છે.